# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 15-09-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : રવિવાર

આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.

---

- ✓ **પ્રધાનમંત્રીનરેન્દ્ર મોદી આજથી ત્રણ દિવસના ગુજરાતના પ્રવાસે – આવતીકાલે ભુજ થી અમદાવાદ વચ્ચે દેશની પ્રથમ મેટ્રો ટ્રેનનો પ્રારંભ કરાવશે.**
- ✓ **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાંચીથી ટાટાનગર – પટણા સહિતની છ વંદે ભારત ટ્રેનોને લીલીઝંડી આપી – ઝારખંડમાં પી.એમ. ગ્રામીણ આવાસ યોજનાનો પ્રથમ હપ્તો લાભાર્થીઓના ખાતામાં જમા કરાવ્યો.**
- ✓ **ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે વિદ્યાર્થીઓને માત્ર સરકારી નોકરીઓમાં જ નહીં પરંતુ ટેક્નોલોજીના ક્ષેત્રમાં પણ વિવિધ તક શોધવાનું આહ્વાન કર્યું.**
- ✓ **દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે બે દિવસ બાદ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી.**
- ✓ **ભારતીય બેડમિન્ટન ખેલાડી અનમોલ ખરબે બેલ્જીયન ઇન્ટરનેશનલની ફાઇનલમાં વિજય મેળવીને સિનિયર આંતરરાષ્ટ્રીય ખિતાબ મેળવ્યો.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM Modi in Ahmedabad

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ત્રણ દિવસની ગુજરાત મુલાકાતે છે. મોડી સાંજે અમદાવાદ વિમાન મથકે રાજયપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તેમનું સ્વાગત કર્યુ હતું.

શ્રી મોદી આવતી કાલે સવારે પોણા દસ વાગ્યે ગાંધીનગરમાં પ્રધાનમંત્રી સૂર્યઘર મુફત બિજલી યોજનાનાં લાભાર્થીઓ સાથે વાતચીત કરશે. ત્યારબાદ સવારે સાડા દસ વાગ્યે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ચોથી ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પો- રિ-ઇન્વેસ્ટનું ઉદઘાટન કરશે. આ સમિટમાં ભાજપ અને એનડીએ શાસિત કેટલાંક રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ ઉપસ્થિત રહેશે.

શ્રી મોદી આવતીકાલે બપોરે પોણા બે વાગે અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રો રેલના બીજા તબક્કાનો આરંભ કરાવશે અને સેક્ટર એક મેટ્રો સ્ટેશનથી ગિફ્ટ સિટી મેટ્રો સ્ટેશન સુધીની સવારી કરશે.

પ્રધાનમંત્રી બપોરે સાડા ત્રણ વાગ્યે અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે 8 હજાર કરોડ રૂપિયાથી વધુનાં ખર્ચની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી ગાંધીનગર સ્થિત રાજભવન ખાતે રાત્રિ રોકાણ કરીને 17મીએ સવારે ઓડિશા જવા રવાના થશે.

## vande metro

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતી કાલે સાંજે ચાર વાગે અમદાવાદથી વર્ચ્યુઅલ માધ્યમથી ભુજ અમદાવાદ વચ્ચે દોડનારી દેશની પ્રથમ વંદે મેટ્રો ટ્રેનનો શુભારંભ કરશે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકે એક યાદીમાં જણાવ્યું છે કે ટ્રેન નંબર 94801 અમદાવાદ-ભુજ વંદે મેટ્રો શનિવાર સિવાય દરરોજ અમદાવાદથી 17:30 કલાકે ઉપડશે અને તે જ દિવસે 23:10 કલાકે ભુજ પહોંચશે. આ

ટ્રેન 17 સપ્ટેમ્બર 2024થી દોડશે. તેવી જ રીતે ટ્રેન નંબર 94802 ભુજ-અમદાવાદ વંદે મેટ્રો રવિવાર સિવાય દરરોજ 05.05 કલાકે ભુજથી ઉપડશે અને તે જ દિવસે 10.50 કલાકે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન 18 સપ્ટેમ્બર 2024થી દોડશે. બંને દિશામાં આ ટ્રેન સાબરમતી, ચાંદલોડિયા, વિરમગામ, ધ્રાંગધ્રા, હળવદ, સમાખ્યાલી, ભચાઉ, ગાંધીધામ અને અંજાર સ્ટેશન પર ઉભી રહેશે. .

શ્રી મોદી સામખયાલી-ગાંધીધામ અને ગાંધીધામ-આદિપુર રેલવે લાઇનને ચાર માર્ગી વિસ્તરણનો શિલાન્યાસ પણ કરશે.

## PM-VANDE BHARAT TRAIN EARLY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાંચી થી ટાટાનગર– પટણા સહિતની છ વંદે ભારત ટ્રેનોને વર્ચ્યૂઅલી લીલી ઝંડી આપી.

આ પ્રસંગે સંબોધન કરતા પ્રધાનમંત્રીએ વંદે ભારત ટ્રેન સાથે જોડાયેલા તમામ લોકોને શુભેચ્છા પાઠવી. શ્રી મોદીએ કહ્યું કે એક સમય હતો જ્યારે આધુનિક વિકાસ અને સુવિધાઓ માત્ર કેટલાક શહેરો પૂરતા સીમિત હતા. ઝારખંડ જેવા રાજ્યો આધુનિક સુવિધાઓથી વંચિત રહ્યા.

પ્રધાનમંત્રીએ કહયું કે, સૌનો સાથ સૌનો વિકાસ મંત્રએ દેશની માનસિકતા અને પ્રાથમિકતાઓને બદલી છે. વધુમાં તેમણે કહ્યું કે હવે દેશની પ્રાથમિકતા ગરીબ, આદિવાસી સમુદાય, દલિત, વંચિત અને સમાજનો પછાત વર્ગ ઉપરાંત મહિલાઓ, યુવાનો અને ખેડૂતો છે.

## Pm -gramin aavas yojna

પ્રધાનમંત્રીએ  ઝારખંડમાં પીએમ ગ્રામીણ આવાસ યોજનાના લાભાર્થીઓ માટે પ્રથમ હપ્તો જાહેર કરતાં, ડિજિટલ માધ્યમ દ્વારા લાભાર્થીઓના બેંક ખાતામાં 32 કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા.

આ ઉપરાંત 32 હજાર મકાનોના મંજૂરી પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. શ્રી મોદીએ કહ્યું કે આગામી પાંચ વર્ષમાં બે કરોડ વધારાના મકાનો બનાવવામાં આવશે. તેમણે કહ્યું કે પીએમ આવાસ યોજના સંબંધિત ક્ષેત્રોમાં પ્રવૃત્તિઓ વધશે અને રોજગારીની તકો પણ વધશે.ઉલ્લેખનીય છે કે પીએમ આવાસ યોજના હેઠળ હજારો લોકોને કાયમી મકાનો આપવામાં આવ્યા છે. ઘરની સાથે તેમને શૌચાલય, પાણી, વીજળી અને ગેસ કનેક્શનની સુવિધા પણ આપવામાં આવી છે. આના કારણે ઝારખંડના લોકોને માત્ર કાયમી મકાન જ નથી મળી રહ્યા, પીએમ આવાસ યોજના દ્વારા ગામડાઓ અને શહેરોમાં મોટી સંખ્યામાં રોજગારની તકો પણ ઉભી થઈ રહી છે.

## VICE-PRESIDENT---Digital-Tower

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે વિદ્યાર્થીઓને માત્ર સરકારી નોકરીઓમાં જ નહીં પરંતુ ટેક્નોલોજીના ક્ષેત્રમાં પણ વિવિધ તક શોધવાનું આહ્વાન કર્યું છે.. તેમણે કહ્યું કે ડિજિટલ ટાવર જેવો આધાર આવી તકોનું પ્રવેશદ્વાર છે. ઉપરાષ્ટ્રપતિ નાગપુરમાં રામદેવ બાબા યુનિવર્સિટીમાં ડિજિટલ ટાવરનું ઉદ્ઘાટન કર્યા બાદ એક કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા. 12 માળના ડિજિટલ ટાવરમાં કમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરિંગની જરૂરિયાતોને પહોંચી વળવા આધુનિક ટેક્નોલોજીથી સજ્જ ડિજિટલ વર્ગખંડો છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ અને બ્લોક ચેઈન જેવી અદ્યતન ટેક્નોલોજી સમજાવતા ઉપરાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે આ તકનીકો તકો પૂરી પાડવાની સાથે સાથે પડકારરૂપ પણ છે. વિદ્યાર્થીઓએ આ પડકારોને તકોમાં રૂપાંતરિત કરવાની જરૂર છે. તેમણે કહ્યું કે ક્વોન્ટમ કમ્પ્યુટિંગ અને ગ્રીન હાઇડ્રોજન જેવી ટેક્નોલોજીઓ ઉદહારણરૂપ બની શકે છે.

આ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ અને તેમના પત્ની ડો.સુદેશ ધનખડે સાથે મળીને યુનિવર્સિટી કેમ્પસમાં વૃક્ષારોપણ કર્યું હતું.

# MAHA-VP-TEMPLES

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે આજે મુંબઈમાં આયોજિત એક કાર્યક્રમમાં મહારાષ્ટ્રમાં 434 ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ-ITI માં વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો ખાતે બંધારણ મંદિરોનું ઉદઘાટન કર્યું હતું.

આ પ્રસંગે શ્રી ધનખડે કહ્યું કે બંધારણ લોકશાહીનો આત્મા છે અને સંસદ તેની રખેવાળ છે. તેમણે ઉમેર્યું હતું કે બંધારણને વાંચવાની, સમજવાની અને તેનું સન્માન કરવાની જરૂર છે. શ્રી ધનખડે અપીલ કરી હતી કે રાજ્યની તમામ સંસ્થાઓએ લોકશાહીનાં મૂલ્યોનું સંવર્ધન કરવા અને તેને ખીલવવા સાથે મળીને કામ કરવાની જરૂર છે.

મહારાષ્ટ્રના રાજ્યપાલ સી પી રાધાક્રિશ્નને જણાવ્યું કે, બંધારણને કારણે આપણો દેશ વિશ્વમાં સૌથી ધબકતી લોકશાહી છે. કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી રામદાસ આઠવલે અને મહારાષ્ટ્રના કૌશલ્ય, રોજગાર અને ઉદ્યોગ સાહસિકતા મંત્રી મંગલ પ્રભાત લોધા પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડરસ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો...**

# KEJRIWAL---RESIGNATION

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જાહેરાત કરી છે કે તેઓ આગામી બે દિવસમાં મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપી દેશે. તેમણે કહ્યું કે આગામી બે દિવસમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્યોની બેઠક યોજીને આગામી મુખ્યમંત્રી અંગે

નિર્ણય લેવામાં આવશે, કેજરીવાલે આવતા વર્ષે ફેબ્રુઆરીમાં યોજાનારી દિલ્હી વિધાનસભાની ચૂંટણી આ વર્ષે નવેમ્બરમાં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી સાથે યોજવાની માગણી કરી છે .. દિલ્હીમાં પાર્ટી કાર્યાલયમાં કાર્યકર્તાઓને સંબોધતા કેજરીવાલે કહ્યું કે જ્યાં સુધી લોકો પોતાનો ચુકાદો નહીં આપે ત્યાં સુધી તેઓ મુખ્યમંત્રીની ખુરશી પર બેસશે નહીં.

દરમ્યાન , દિલ્હી ભાજપ અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ કેજરીવાલને પૂછ્યું છે કે તેમને મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપવા માટે બે દિવસની જરૂર કેમ છે. શ્રી સચદેવાએ આરોપ લગાવ્યો કે કેજરીવાલના પ્રામાણિકતાના દાવા પોકળ છે. તેમણે સવાલ કર્યો હતો કે જો અરવિંદ કેજરીવાલ લિકર પોલિસી કૌભાંડમાં સામેલ નથી તો દિલ્હી એક્સાઇઝ પોલિસી કેમ પાછી ખેંચી લેવામાં આવી. શ્રી સચદેવાએ આરોપ લગાવ્યો કે દિલ્હીના લોકો આમ આદમી પાર્ટીની સરકારમાંથી આઝાદી મેળવવા માંગે છે.

## INDIA-ASSISTANCE

ભારતે કંબોડિયા અને વિયેતનામને ભીષણ પૂરને પગલે માનવતાવાદી સહાય મોકલી છે. ભારતીય વાયુસેનાએ તેના C 17 ગ્લોબમાસ્ટર એરક્રાફ્ટને માનવતાવાદી સહાય , આપત્તિ રાહત, અને અન્ય કામગીરી પૂરી પાડવા માટે તૈનાત કર્યા છે. પાણી શુદ્ધિકરણની વસ્તુઓ, પાણીના કન્ટેનર, ધાબળા, રસોડાના વાસણો, સૌર ફાનસ સહિતની 35 ટન સહાય વિયેતનામ મોકલવામાં આવી છે. દરમિયાન, , પાણી શુદ્ધિકરણ વસ્તુઓ, સ્વચ્છતા પુરવઠો, મચ્છરદાની, ધાબળા અને સ્લીપિંગ બેગ સહિતની દસ ટન સહાય કંબોડિયા મોકલવામાં આવી છે.

હિંડન એરફોર્સ સ્ટેશન પર C-17 ટીમ દ્વારા ઝડપી અને કાર્યક્ષમ લોડિંગ અને સંકલન હાથ ધરવામાં આવ્યું હતું. C 17 ગ્લોબમાસ્ટર એરક્રાફ્ટ તેમની મોટી કાર્ગો ક્ષમતા અને લાંબા અંતરની ક્ષમતાઓ માટે જાણીતા છે. આનો ઉપયોગ

સામાન્ય રીતે રાહત સામગ્રી, આવશ્યક પુરવઠો અને કર્મચારીઓને આપત્તિ પ્રભાવિત વિસ્તારોમાં પરિવહન કરવા માટે થાય છે.

## SC---R.G.-KAR

આ મંગળવારે પણ સર્વોચ્ચ અદાલતમાં કોલકતા આરજી કર મેડિકલ કોલેજ કેસની સુનાવણી ચાલુ રહેશે. ગયા મહિને, અદાલતે કોલકાતામાં રાજ્ય સરકાર સંચાલિત આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં જુનિયર ડૉક્ટર પર દુષ્કર્મ અને હત્યાના કેસની સૂઓમોટો ધ્યાને લીધી હતી. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની ત્રણ ન્યાયાધીશની ખંડપીઠ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન-સીબીઆઈના નવીનતમ સ્ટેટસ રિપોર્ટ પર વિચાર કરશે.

આ ઘટનાને અદાલતે ભયાનક ગણાવી હતી. આ કારણે દેશભરમાં ડોક્ટરોની સુરક્ષાનો મુદ્દો ઉઠ્યો હતો. સર્વોચ્ચ અદાલતે દેશભરમાં તબીબી કર્મચારીઓની સુરક્ષા માટે પગલાં સૂચવવા માટે રાષ્ટ્રીય ટાસ્ક ફોર્સની રચના કરવાનો આદેશ આપ્યો હતો.

સીબીઆઈએ આ કેસમાં ગઈકાલે આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષ અને તાલા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અભિજીત મંડલની ધરપકડ કરી હતી.

તેમને ત્રણ દિવસ માટે સીબીઆઈ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા.. બંનેને આજે સિયાલદહ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. તેમની સામે પુરાવા સાથે ચેડા કરવાના અને એફઆઈઆર નોંધવામાં વિલંબ કરવાના આરોપો છે.

## BADMINTON-Anmol Kharb

ભારતના ઊભરતા બેડમિન્ટન સ્ટાર અનમોલ ખરબે લુઅવેનમાં બેલ્જિયન ઇન્ટરનેશનલ 2024ની ફાઇનલમાં વિજય મેળવીને પોતાનો પ્રથમ સિનિયર આંતરરાષ્ટ્રીય ખિતાબ મેળવ્યો હતો. 17 વર્ષીય અનમોલે ડેન્માર્કની અમેલી સ્કુલ્ઝને

**24-22, 12-21, 21-10 થી હરાવી હતી. અનમોલ માટે આ સિધ્ધિ અસાધારણ છે કારણ કે તે ક્વૉલિફાયર્સ દ્વારા મુખ્ય ડ્રોમાં પ્રવેશી હતી અને બિનક્રમાંકિત હતી.**

## SL-ONAM

કેરળ સહિત દેશભરમાં લણણીના  તહેવાર ઓણમની ઉજવણી થઈ રહી છે ત્યારે

શ્રીલંકામાં ભારતીય મૂળના લોકો પણ આજે ઓણમની ઉજવણી કરી રહ્યા છે. લણણીનો આ તહેવાર છે જે સમૃદ્ધિ, બિનસાંપ્રદાયિકતા અને સાંપ્રદાયિક સંવાદિતાનું પ્રતીક છે. આ પ્રસંગે મલયાલી લોકો પરંપરાગત પોક્કલમ અને ઓણમ નિમિતે ખાસ વાનગીઓ તૈયાર કરે છે. પુરૂષો અને મહિલાઓ પરંપરાગત વસ્ત્રો પહેરે છે. આ તહેવાર મહાન શાસક મહાબલિના ઘરે પાછા ફરવાની યાદમાં ઉજવવામાં આવે  છે.

## KASHMIR TERRORISM

જમ્મુ કાશ્મીરનાં કઠુઆ જિલ્લામાં સલામતી દળો અને ત્રાસવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. એક નિવેદનમાં પોલિસે જણાવ્યું છે કે ત્રાસવાદીઓ છુપાયો હોવાની ચોક્કસ માહિતીને આધારે બાની વિસ્તારમાં પોલીસ અને સલામતી દળોની સંયુક્ત ટૂકડીએ વિશેષ અભિયાન હાથ ધર્યું હતું. બંને પક્ષો વચ્ચે સામસામે ગોળીબાર થયો હોવાનાં અહેવાલ છે. તાજેતરનાં સમયમાં જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદીઓ અને સલામતી દળો વચ્ચે વારંવાર અથડામણની ઘટનાઓ બની છે, જેમાં અનેક ત્રાસવાદીઓ અન તેમનાં કમાન્ડર માર્યા ગયા છે. સલામતી દળોનાં જવાનો પણ શહીદ થયા છે.

પ્રારંભમાં પુંચ અને રાજૌરી જિલ્લામાં થયેલી ત્રાસવાદી પ્રવૃત્તિઓ હવે જમ્મુ ડિવિઝનમાં પણ ફેલાઈ ગઈ છે. તાલીબધ્ધ ત્રાસવાદીઓ વાહનો પર ઓંચિતો હૂમલો કરે છે અને ગ્રેનેડ તથા એસોલ્ટ રાઇફલોનો ઉપયોગ કરે છે.

# HAITI--EXPLOSION

હેતીમાં ઓઈલ ટેન્કર વિસ્ફોટમાં અંદાજે 16 લોકોના મોત થયા છે અને 40 લોકો ઘાયલ થયા છે. સ્થાનિક પ્રશાસને જણાવ્યું હતું કે ગઈકાલે જ્યારે લોકો ટેન્કરમાંથી ગેરકાયદેસર રીતે તેલ કાઢવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે વિસ્ફોટ થયો હતો. પ્રશાસને જણાવ્યું કે હોસ્પિટલમાં દાખલ ઘાયલોની હાલત નાજુક છે. હૈતીના પ્રધાનમંત્રી  ગેરી કોનિલે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે જાહેર સુરક્ષા અને આરોગ્ય ટીમ ઘાયલોને મદદ કરી રહી છે.